E-JOURNAL (HISTORY) SINCE 2019
E - ISSN : 2582-046X
Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

# મધ્યકાલીન ગુજરાતી મુસ્લિમ સમાજમાં શિક્ષણ : ઐતિહાસિક પરિપેક્ષ્યમાં

ડૉ. બુરહાના મલેક, ઈતિહાસ વિભાગ - સંશોધક Email : burhanamalek01@gmail.com

***ABSTRACT :***

*પ્રાચીન ભારતીય શિક્ષણથી શરૂ કરી વર્તમાન આધુનિક શિક્ષણ પ્રણાલી સુધી ભારતના શિક્ષણના ઇતિહાસમાં સતત નવા આયામ ઉમેરાતા રહ્યા છે. ભારતના દરેક સમુદાયને પોતાનો આગવો શૈક્ષણિક ઈતિહાસ છે.ગુજરાતના સૌથી મોટા લઘુમતી સમુદાય એવા મુસ્લિમ સમાજને પણ પોતાનો શૈક્ષણિક ઈતિહાસ છે.પ્રસ્તુત પેપરમાં મધ્યકાલીન ગુજરાતના મુસ્લિમ સમાજમાં શિક્ષણની ચર્ચા કરી છે.જેમાં શરૂઆતમાં પ્રસ્તાવનામાં ઇસ્લામ ધર્મમાં શિક્ષણનું મહત્વ જણાવી આગળ મુસ્લિમો ના ગુજરાતમાં આગમન પર માહિતી આપી છે.ત્યારબાદ આગળ મધ્યકાલીન ગુજરાતની શૈક્ષણિક સંસ્થા મદ્રેસા , મખ્બ, પુસ્તકાલયો વગેરે વિશે જણાવી શિક્ષણના ઈતિહાસ જણાવ્યું છે.*

***Key words:*** *મધ્યકાલીન ગુજરાત, શિક્ષણ નો ઈતિહાસ, મુસ્લિમ સમાજ, મદ્રેસા*

## પ્રસ્તાવના :

શિક્ષણએ કોઈ પણ દેશની સંસ્કૃતિની ધરોહર છે. સમાજ અને રાષ્ટ્રના વિકાસનું પાયાનું જો કોઈ પરિબળ હોય તો તે શિક્ષણને ગણી શકાય.વૈદિક કાળથી માંડીને શિક્ષણ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં સાચી દોરવણી આપે તેવા પ્રકાશનું મૂળ છે એવી ભારતીયોની શિક્ષણની મધ્યવર્તી ભાવના રહી છે. જગતના તમામ ધાર્મિક પુસ્તકોમાં શિક્ષણનું મહત્વ ઉજાગર કરવામાં આવ્યું છે.જેટલી આ દેશની સંસ્કૃતિ પ્રાચીન છે એટલો જ આ દેશના શિક્ષણનો ઈતિહાસ પુરાતન છે.પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલીથી શરુ કરી વર્તમાન આધુનિક શિક્ષણ પ્રણાલી સુધી ભારતના શિક્ષણના ઇતિહાસમાં સતત નવા આયામ ઉમેરાતા રહ્યા છે. ભારતના દરેક જ્ઞાતિ અને સમુદાયને પોતાનો આગવો સાસ્કૃતિક શૈક્ષણિક ઈતિહાસ છે.ભારતના સૌથી મોટા લઘુમતી સમુદાય એવા મુસ્લિમ સમાજને પણ પોતાનો આગવો શૈક્ષણિક ઈતિહાસ છે, અત્રે અહી મધ્યકાલીન ગુજરાતના મુસ્લિમ સમુદાયના શિક્ષણના ઈતિહાસ ને વર્ણવ્યું છે. ગુજરાતના મુસ્લિમ સમાજમાં શિક્ષણનો ઈતિહાસ જાણતા પહેલા મુસ્લિમો જે ધર્મ પાળે છે તે ઇસ્લામ ધર્મએ

શિક્ષણને આપેલ મહત્વ અને ગુજરાતનો મુસ્લિમ સમાજ કઈ રીતે બન્યું છે તે બંને જાણવું જરૂરી છે.ઇસ્લામ ધર્મે પ્રારંભથી જ જ્ઞાન પ્રાપ્તિ અને શિક્ષણને મહત્વ આપ્યું છે.જેમકે કુરાનનો પ્રથમ શબ્દ કે જે પયગંબર સાબ (સ.અ.વ.) સમક્ષ પ્રસ્તુત થયું હતું તે હતું, 'ઇકરા' અર્થાત વાંચો, જ્ઞાન મેળવો. ઉપરાંત પયગંબર સાબ(સ.અ.વ.)એ જ્ઞાન પ્રાપ્તિનું મહત્વ દર્શાવતા કહ્યું છે કે,

સમય – પારણાંથી કબર સુધી જ્ઞાન મેળવો એટલેકે જ્ઞાન પ્રાપ્ત કરવાની કોઈ ચોક્કસ ઉંમર નથી હોતી. મનુષ્યએ પોતાના મૃત્યુ સુધી જ્ઞાન મેળવવું જોઈએ.

સ્થાન – જ્ઞાન મેળવવા માટે ચીન પણ જવું પડે તો ત્યાં જાઓ, અર્થાત જ્ઞાનને સીમા આંતરીને પણ પ્રાપ્ત કરવાનું કહ્યું છે.

લિંગ- જ્ઞાન પ્રાપ્તિ દરેક મુસ્લિમો માટે જરૂરી છે.અર્થાત લિંગ કે જાતિગત ભેદભાવ વગર જ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઈએ.

મહેબુબ દેસાઈએ કહ્યું છે કે,જંગે બદ્રનાં યુદ્ધ બાદ પયગંબર સાહબએ "યુદ્ધ કેદીઓને અભણ મુસ્લિમોને લખતા-વાંચતા શીખવવાની સજા કરી, એક ભણેલો કેડી દસ અભણ મુસ્લિમોને ભણાવે તેવી સજા કદાચ યુદ્ધ કેદીઓના સંદર્ભમાં વિશ્વ ના ઇતિહાસમાં પ્રથમ હશે." આમ મુસ્લિમોના ધર્મમાં ક્યાંય શિક્ષણ પ્રત્યે અણગમો દર્શાવવામાં આવ્યો નથી.હવે આગળ ગુજરાતનો મુસ્લિમ સમાજ બન્યો કઈ રીતે તે ટૂંકમાં જાણીએ.

## ગુજરાતમાં મુસ્લિમોનું આગમન:

૧૩મી સદીના અંતમાં મુસલમાનોએ ગુજરાત જીત્યું હતું,પરંતુ તેના ઘણા સમય પહેલાથી જ ગુજરાત મુસલમાનો સાથે સંપર્કમાં આવ્યું હતું.ગુજરાતના સદભાગ્યે સારો એવો સમુદ્ર કિનારો મળ્યો છે અને તેના ઉપર ઘણા બંદરો પ્રાચીનથી મધ્યકાલીન સમય દરમિયાન વિકસિત થયા હતા.આ બંદરો ઉપર વેપાર અર્થે આવેલ આરબ વેપારીઓમાંથી ઘણા અહી જ રહી ગયા હતા વિદેશમાંથી આવેલ મુસલમાનો વેપારીઓ ઉપરાંત મુસાફરો, સૈનિકો અને ધાર્મિક ઉપદેશકોના રૂપમાં પણ ગુજરાત આવ્યા અને વસ્યા હતા.આઠમી સદીથી માંડીને તુર્કોના આગમન સુધીના સમયમાં મોટાભાગના સૂફીઓ,ફકીરો અને દરવેશો અરબસ્તાન તથા ઈરાનમાંથી સમુદ્રમાર્ગે અથવા અફઘાનિસ્તાન થઈને જમીન માર્ગે, પહાડી પ્રદેશો વટાવી મઝહબના પ્રચાર અર્થે ગુજરાતમાં આવીને વસ્યા હતા.આ સિવાય ગુજરાતના બંદરો

મધ્યએશિયા, ઈરાન અને ખોરાસાન માટે 'અબવાબ ઉલ મક્કા' એટલે કે મક્કાના દરવાજા રૂપ હોવાથી ઘણા વિદેશી કુટુંબ મક્કા મદીનાના પવિત્ર સ્થળોએથી પાછા ફરતા ગુજરાતમાં સ્થાયી વસવાટ કરતા હતા.સૈનિક આક્રમણથી પણ ગુજરાતમાં મુસ્લિમ પ્રજા પ્રસાર પામી હતી.ગુજરાત પર પ્રથમ મુસ્લિમ આક્રમણ ઈ.સ.૭૩૦મા સિંધના ગવર્નર જુનેદ-બિન-અબ્દ-અલ-રહમાન એ કચ્છ અને ભરૂચ પર કર્યું હતું.ત્યારબાદ બીજા મુખ્ય આક્રમણમાં ઈ.સ.૧૦૨૫માં મહંમદ ગઝનવીએ સોમનાથ પર આક્રમણ કર્યું અને ઈ.સ.૧૨૯૭માં અલાઉદ્દીન ખીલજીએ કર્ણદેવ વાઘેલાને હરાવીને ગુજરાતને દિલ્લી સલ્તનતનો ભાગ બનાવ્યો હતો.ઈ.સ.૧૪૦૭માં મુઝફ્ફરશાહ ગુજરાતનો સ્વતંત્ર સુલતાન બન્યો અને ઈ.સ.૧૫૭૩માં અકબરે ગુજરાત પર વિજય પ્રાપ્ત કરીને ગુજરાતને મુસ્લિમ સામ્રાજ્યમાં ભેળવી દીધો.આમ જુદા જુદા સૈનિક આક્રમણોથી કાલાંતરેગુજરાતમાં મુસ્લિમ પ્રજા પ્રસાર પામી હતી.

ટૂંકમાં કહીએ તો ગુજરાતમાં વિદેશી મુસલમાનો વેપાર કરવા, ધર્મનો પ્રચાર કરવા અને સૈનિક રૂપે આવ્યા હતા.ઉપરાંત અહીંની કેટલીક પ્રજાએ રાજકીય લાભ ખાતર કે બળાત્કારે ઇસ્લામધર્મ સ્વીકાર્યું અને અમુકએ વિદેશથી આવેલ સુફી, ફકીરો અને દરવેશોનું ઉચ્ચ ચારિત્ર્ય અને ત્યાગ ભાવનાથી પ્રેરાઈ ને પણ કેટલાકે ધર્મ પરિવર્તન કરી ઇસ્લામમાં આવ્યા હતા.આ રીતે ગુજરાતનો મુસ્લિમ સમાજ બન્યો હતો.આ સમાજ અનેક જ્ઞાતિ અને પેટાકોમોમાં વિભક્ત હતો.માસ્ટર કરીમમહંમદ એ પોતાના પુસ્તક 'મહાગુજરાતના મુસલમાનો' માં આ મુસ્લિમ સમાજની જ્ઞાતિઓ અને પેટાકોમો વિશે વિસ્તારથી જણાવી તેને નીચે પ્રમાણે વિભાગોમાં વહેંચ્યું છે.સંપૂર્ણ પરદેશી અથવા ઓછે વત્તે અંશે પરદેશી મુસલમાનો જેમાં ચાર મુખ્ય નિયમ બદ્ધ વર્ગો – સૈયદ , શેખ , મોઘલ અને પઠાણ અને ૧૭ ખાસ કોમો કે જેમનામાં ઓછે વત્તે અંશે પરદેશી લોહી છે તેમના ચાર પેટા વિભાગ પાડ્યા છે જેમાં(૧) ધાર્મિક કોમો - અહમદિયા, બાબી, બહાઈ , સીદી, વહાબી, હીજડા (૨)વેપારી - કાબુલી અને નાયતા (૩)ખેડૂત - અંગારા, બબનીયા, ભુતા, ચંગીઝ, કાહતીયા, ખીલજી, કુરૈશી, કિરદિયા અને કસ્બાતી (૪)નોકરી કરનારા – આરબ, બલુચી, મકવાણા અને મિરધા. આ સિવાય હિંદુઓ માંથી થયેલ મુસલમાનોની ૭૮ જાતો બતાવી છે. જેમાં ધાર્મિક કોમમાં ફકીરો અને સૂફીઓ તેમજ તેમના પેટાવર્ગોનો સમાવેશ થાય

Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

છે વેપારી કોમમાં વહોરાઓ, ખોજાઓ, મેમણો, મનસુરીઓનો સમાવેશ થાય છે. ખેતી કરનારી ૨૨ મુખ્ય જાતો બતાવી છે

| | | | |
|---|---|---|---|
| ૧.બહેલીમ | ૨.વહોરા | ૩.ચાવડા | ૪.ચૌહાણ |
| ૫.ગામેતી | ૬.ગચરમેહદી | ૭.ગોહિલ | ૮.જેટા |
| ૯.કાકાપુરી | ૧૦.કસ્બાતી | ૧૧.ખોખર | ૧૨.મકવાણા |
| ૧૩.મલેક | ૧૪.મતિયા | ૧૫.મોલેસલામ | ૧૬.પરમાર |
| ૧૭.રાઠોડ | ૧૮.સમા | ૧૯.શેખડા | ૨૦.સોલંકી |
| ૨૧.સુમરા અને | ૨૨.ટાંક. | | |

ઉપરાંત કચ્છ, કાઠીયાવાડમાં વસતી બીજી મુસલમાન અથવા અર્ધ મુસલમાન ખેડૂત કોમ આ પ્રમાણે છે : ૨૩.કાછીયા, ૨૪.કેર ૨૫.જટ ૨૬.મતવા ૨૭.મિયાણા ૨૮.વાઘેર ૨૯.સમ્મા ૩૦.સંધાર ૩૧.સુમડા ૩૨.સોઢા અને ૩૩. શેતાઓ. કારીગર કોમમાં કડિયા, કસાઈઓ, કાગદી, કુંભારો, ખત્રીઓ, ખરાદીઓ, ખાટકીઓ, ઘાંચીઓ, ચૂડીવાળા, ચૂનારા, ચુંદડીગરા, છીપા, તાઈ, ધોબીઓ, નાળબંધ, પાંજણીગરા, પીંજારા, બંધારા, ભાડભૂંજા, મણીયાર, મુલ્તાનીઓ, મોમનાઓ, રંગરેજો, લાડક, લુહારો, સલાટો, સોનીઓનો સમાવેશ માસ્ટર કરીમમહંમદએ કર્યું છે. નોકરી કરનારા વર્ગમાં કમાલીયા, ગાંધર્વો, તાંસચી, તુરકી હજામો, બહુરૂપિયા, ભટ્ટી, ભવૈયા, ભીસ્તી, મદારી, મીર અથવા મીરાસી, કાઠીયાવાડી લંઘા, થતા સિપાહીઓનો સમાવેશ થાય છે.મજુરી કરનારી ૧૭ કોમો છે:

| | | | |
|---|---|---|---|
| ૧.કઠિયારા, | ૨.ઘોરખોડિયા | ૩.ચાટલા | ૪.ચામઠા |
| ૫,છારા | ૬.થોરી | ૭.ધૂળધોયા | ૮.નટ |
| ૯.નાગોરી | ૧૦.પખાલી | ૧૧.બજાણિયા | ૧૨.મપારા |
| ૧૩.માછીઓ | ૧૪,માળીઓ | ૧૫.વણજારા | ૧૬.વાદીઓ |
| ૧૭.શીશગર. | | | |

ગુજરાતમાં મુસ્લિમોના આગમન અને મુસ્લિમ સમાજની માહિતી આપીને આગળ મધ્યકાલીન સમયના ગુજરાતી મુસ્લિમ સમાજમાં શિક્ષણની ચર્ચા કરી છે.

## મધ્યકાલીન ગુજરાતી મુસ્લિમ સમાજમાં શિક્ષણ :

મધ્યકાલીન સમયમાં મુસ્લિમ સમાજમાં શૈક્ષણિક સંસ્થાઓ બે પ્રકારે હતી.

### ૧. મખ્તબ:

તે એક નાની સંસ્થા હતી કે જે મોટે ભાગે મસ્જીદ સાથે સંકળાયેલ હતી. રોજીંદા પ્રાર્થના માટે મુસ્લિમને કુરાનનો કેટલોક ભાગ યાદ રહેવો જોઈએ આ માટે તેને વાંચતા અને યાદ રાખવાનું અહી શીખવવામાં આવતું. આ મૌખિક પરંપરા એવી જ હતી કે જેવી વૈદિક સમયમાં હતી. ટૂંકમાં કહી શકાય કે અહી વિદ્યાર્થીઓને અહીં લખતા વાંચવાનું અને પ્રાથમિક કક્ષાનું શિક્ષણ આપતું હતું.

### ૨. મદ્રેસા :

પ્રાથમિક કક્ષાપછીનું શિક્ષણ મદ્રેસાઓમાં અપાતું હતું.મદ્રેસા એ સૌથી અનુકુળ જગ્યાએ શરુ કરવામાં આવતા હતા.ઘણી વાર તે મસ્જીદ સાથે જોડાયેલ હતા અને ઘણી વાર સ્વતંત્ર પણ હતા.

મખ્તબ અને મદ્રેસા આવા નામ વાંચીને વિચાર આવતું હશે કે અહિયાં તો માત્ર ધાર્મિક જ્ઞાન જ અપાતું હશે, પરંતુ થોડુ ઊંડાણથી વિચાર કરો દસમી થી ચૌદમી સદી સુધી દુનિયાના ઘણા ભાગોમાં મુસ્લિમ વૈજ્ઞાનિકો, લેખકો, ચિંતકો થઈ ગયા તે બધા એ ક્યાંથી શિક્ષણ લીધું હતું? આ મદ્રેસાઓ માંથી જ.મદ્રેસા ઓમાં માત્ર ધર્મ પુરતું જ શિક્ષણ આપવામાં આવતું નહોતું.અભ્યાસક્રમના મધ્યમાં ભલે કુરાન હોય છતાય તેમાં વ્યાકરણ, ધર્મ નિરપેક્ષ કવિતાઓ , પયગંબર સાહેબ સાથે સંકળાયેલ કેટલીક વાર્તાઓ, અને અંક ગણિતના કાયદાઓ શીખવવામાં આવતા હતા· ગામડાઓમાં શિક્ષણ માત્ર મખતબ પુરતું જ માર્યાદિત રહેતું ત્યારબાદ મદ્રેસામાં ઉચ્ચ શિક્ષણ માટે શહેર જવું પડતું

### ગુજરાતના મદ્રેસાઓ:

ગુજરાતનો પ્રથમ મદ્રેસો કે જેના વિશે માહિતી ઉપલબ્ધ હોય તે ઈ.સ.૧૦૩૮માં ભરૂચમાં બાંધવામાં આવ્યો હતો.આ મદ્રસાના સ્થાપક હતા બાબા રેહાન કે જે ખુરાસનથી ગુજરાત આવ્યા હતા.બાબા રેહાન એ નર્મદા કિનારે એક ખાનકાહ પણ બાંધી હતી. સિદ્ધરાજ જયસિંહના સમયમાં

Vol. 05, Issue 02, April - June, 2023
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

શિયાપંથી વહોરોના મદ્રેસાઓ બન્યા હતા. હુલવી શિરાઝી કે જે અહમદશાહ-૧ના દરબારમાં કવિ હતા તેમણે અમદાવાદ વિશે ફારસી ભાષામાં લખ્યું હતું જેમાં આ પંક્તિ હતી,

**" Madaris daru behad o khanqah**
**barai musafir ke ayad za rah"**

આ પંક્તિઓ દર્શાવે છે કે, અહમદશાહ-૧ના સમયમાં ઘણા મદ્રેસા ગુજરાતમાં હતા. આગળ અહી ગુજરાતના તે સમયના પ્રખ્યાત મદ્રેસાઓનો ટૂંકો પરિચય આપ્યું છે.

- અમદાવાદના મદ્રેસા:

અમદાવાદ ઘણા સમય સુધી ગુજરાતનું પાટનગર રહ્યું હોવાથી અહી ઉચ્ચ શિક્ષણ માટે ઘણા મદ્રેસાહતા.

## સરખેજનો મદ્રેસો:

હઝરત શેખ અહમદ ખટ્ટુ(રહ.)એ સરખેજમાં ખાનકાહ બંધાવી હતી તેમના મૃત્યુ બાદ સુલતાન મુહમ્મદ શાહએ તેમનો મકબરો બંધાવીને ત્યાં મદ્રેસો પણ બંધાવ્યો હતો.આ મદ્રેસા જોડે વિદ્યાર્થીઓના રહેવાની સગવડ પણ હતી.

## શમેબુરહાનનો મદ્રેસો :

શેખ મુહમ્મદ ઉસ્માન બુરહાની હઝરત કુત્બે આલમના ખલીફા હતા. શેખ ઉસ્માનના નામ પરથી જ ઉસ્માનપુરા બન્યું અને ત્યાં એક ભવ્ય મસ્જીદ અને મદ્રેસો બાંધવામાં આવ્યો હતો.ત્યાં કુરાન, હદીસ, તફસીર, ફીક્હ, તથા ઉસુલ ખાસ ભણાવામાં આવતા. વિદ્યાર્થીઓને રહેવા માટે ઓરડાઓ પણ હતા.શેખ ઉસ્માન પછી તેમની આગળની પેઢીએ આ મદ્રેસો ચલાવ્યો હતો.અંતે મરાઠાઓની લૂંટફાટમાં જયારે ઉસ્માન પુરા ઉજ્જડ થયું ત્યારે આ મદ્રેસો પણ નાશ પામ્યો હતો.

હઝરત શાહ વજીઉદ્દીનઅલવીનો મદ્રેસો :

આ મદ્રેસા હકીકતમાં તે સમયે એક વિદ્યાપીઠ જેમ હતું કે જેની સાથે ગુજરાત, ખાનદેશ , કાઠીયાવાડ, તથા દખ્ખણના મદ્રેસાઓ સલગ્ન હતા. આ મદ્રેસામાં તર્ક શાસ્ત્ર, તત્વ જ્ઞાન, તસવ્વુફ તથા ધાર્મિક શાસ્ત્રોના શિક્ષણની વિશેષ વ્યવસ્થા હતી.તેની જોડે હોસ્ટેલ પણ હતી.

સદરજહાંકાઝી સદરૂદીનનો મદ્રેસો:

ગુજરાતમાં બિન્બાની નામે એક વિખ્યાત ખાનદાન થયો હતો કે જેમાંથી ઘણા લેખકો, વિદ્વાનો થયા, તેમના પુસ્તકો ગુજરાતના બધા મદરસાઓમાં પાઠ્યક્રમમાં રહ્યા છે. કાઝી સદરૂદીન આ જ ખાનદાનના હતા. તેમનુ વતન ચાંપાનેર હતું પણ નિવાસ અમદાવાદમાં હોવાથી તેમણે અહી મદ્રસો ચાલુ કર્યું હતું. આ મદ્રસામાં ઉચ્ચ કુલના લોકો શિક્ષણ મેળવતા હતા.

**આઝમ મદ્રેસો :**

હી.સ.૧૦૫૨/ઈ.સ.૧૬૪૨માં ગુજરાતનો સુબેદાર આઝમખાન હતો, તેણે અમદાવાદમાં એક ઉચ્ચ કક્ષાનો મદ્રસો બનાવ્યો હતો.આ મદ્રસો મોગલોના અંતિમ જમાનામાં બહુ ખ્યાતી પામ્યો હતો.

**સૈફખાનનો મદ્રેસો :**

નવાબ સૈફ ખાનએ અમદાવાદના કિલ્લાની સામે હી.સ.૧૦૩૨/ઈ.સ.૧૬૨૨માં એક ભવ્ય ઈમારતમાં આ મદ્રેસો ખોલ્યો હતો.તેનું નામ મદ્રસતુલ ઉલમા હતું.

મદ્રસએ હિદાયત બક્ષ :શેખુલ ઇસ્લામ મુહમ્મદ ઇકરામુદ્દીનએ આ મદ્રેસો બંધ્વ્યો હતો.ઈ.સ.૧૬૯૯ સુધીમાં આ મદ્રેસાનું બાંધકામ પૂરું થઈ ગયું હતું. ઈ.સ.૧૭૪૨ સુધી ખુદ શેખુલ ઇસ્લામ આ મદ્રેસાના વ્યવસ્થાપક રહ્યા હતા.તેમના પછી તેમના પુત્રો અને પૌત્રોની દેખરેખમાં આ મદ્રેસો ચાલતો રહ્યો. અહી ધર્મશાસ્ત્રો ઉપરાંત તર્કશાસ્ત્ર, તત્વજ્ઞાન, ગણિત જેવા બૌધિક શાસ્ત્રોનું પણ શિક્ષણ અપાતું હતું.

ફીરુઝજંગનો મદ્રેસો:

ઈ.સ.૧૭૦૮મા મોગલોના પ્રથમ પંક્તિના અમીર ગાઝીઉદ્દીનખાં બહાદુર ફીરુઝજંગ ગુજરાતના નાઝીમ નિમાયા હતા તેમણે આ મદ્રેસો બંધાવ્યો હતો.

વહોરાઓનો મદ્રેસો :

ઈ.સ ૧૫૬૭માં વહોરાઓએ પોતાના માટે ખાસ અમદાવાદમાં એક મોટા મદ્રેસાનો પાયો નાખ્યો જેમાં દરેક પ્રકારના જ્ઞાન વિજ્ઞાનનું શિક્ષણ અપાતું હતું.ખાસ કરીને તર્કશાસ્ત્ર, તત્વજ્ઞાન, ભૂમિતી, વૈદકશાસ્ત્ર, વાદવિવાદ(મુનાઝિરા), ઈતિહાસ અને ભૂગોળનું શિક્ષણ ઊંચા

Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E - ISSN : 2582-046X

સ્તરે અપાતું .ધર્મશાસ્ત્રોના શિક્ષણની વ્યવસ્થા પણ સંપૂર્ણ પ્રકારની હતી.વિદ્યાર્થીઓના ખર્ચા ઉઠાવવા મદ્રેસા તરફથી એક ફંડ હતું. ઉપરાંત વહોરા ઉમરાવો પણ આ મદ્રેસાને ખાસ નાણાકીય સહાય કરતા હતા.

- પાટણના મદ્રેસા :

## ખાનસરોવરનો મદ્રેસો :

ઈ.સ.૧૪૫૧માં અણહિલવાડ પાટણમાં ખાનસરોવરના તળાવ પાસે ધાર્મિક જ્ઞાન-વિજ્ઞાનનો બહુ મોટો મદ્રેસો હતો.

## શેખ હિસામુદ્દીનના મઝારનો મદ્રેસો:

પાટણમાં શેખ હિસામુદ્દીન મુલતાનીના મઝાર પાસે એક મદ્રેસો હતો જ્યાં મૌલાના તાજુદ્દીન શિક્ષણ આપતા હતા. તેમના પછી તેમના દીકરા મુહમ્મદ બિન તાજુદીન મુખ્ય શિક્ષક બન્યા હતા.

## કાઝી સાહેબનો મદ્રેસો :

કાઝી બુરહાનુદ્દીન નહરવાલી એક વિખ્યાત આલીમ હતા.તેમનો મદ્રેસો પાટણમાં બહુ પ્રખ્યાત હતો અને હજારો માણસોએ તેનો લાભ ઉઠાવ્યો હતો.

## શાહ આલમનો મદ્રેસો :

ગુજરાતના પ્રખ્યાત પવિત્ર સંત હજરત શાહ આલમના ઉત્તરાધિકારીએ તેમની યાદમાં આ મદ્રસો પાટણમાં સ્થાપ્યો હતો.તેમાં દરેક પ્રકારના જ્ઞાન વિજ્ઞાનનું શિક્ષણ અપાતું હતું. ત્યાં વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ તેમજ શિષ્યવૃત્તિની પણ વ્યવસ્થા હતી.તેના માટે કેટલાક ગામડાઓ વકફ કરવામાં આવ્યા હતા.

## મુહમ્મદ બિન તાહિરનો મદ્રેસો

અહી દરેક પ્રકારના શાસ્ત્રોનું શિક્ષણ અપાતું હતું. જો કે આ મદ્રેસો તેના હદીસના શિક્ષણ માટે વધુ પ્રસિદ્ધ હતું. અલ્લામાં મુહમ્મદ બિન તાહિર પટની કે જે અકબરના સમકાલીન હતા તે આ મદ્રેસાના સર્વોચ્ચ શિક્ષક હતા.

E-JOURNAL (HISTORY)
SINCE 2019
E - ISSN : 2582-046X
Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2582 – 046 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

## આલમગીરી મદ્રેસો

આલમગીરના સમયમાં આ ઉચ્ચશિક્ષણ આપતી સંસ્થાની સ્થાપના થઇ હતી.તેને ફયઝે સફા નામે ઓળખવામાં આવતું. તેમાં દરેક પ્રકારના જ્ઞાન વિજ્ઞાનનું શિક્ષણ અપાતું હતું.તેની જોડે એક મસ્જીદ પણ બાંધવામાં આવી હતી જેમાં એક શિલાલેખ છે જેની પર "ખુદાની મહેરબાનીથી હિજરી ૧૦૯૨માં ફયઝે સફાથી ભરેલા એક મસ્જીદ અને મદ્રસો કાયમ થયા" તેમ લખ્યું છે.

## ઈમાદીયા મદ્રેસો

મૌલાના ઈમદુદ્દીનમુહમ્મદ બિન મેહમૂદ તારિમી એ તારીમ-શિરાઝના રહેવાસી હતા. હજરત શાહઆલમની દુઆથી તેમનું જન્મ થયું હતું,માટે અભ્યાસ બાદ તે હજરત શાહઆલમની મુલાકાત માટે ગુજરાત આવ્યા પણ તેમના આવ્યા પહેલા જ હજરત શાહઆલમનું અવસાન થઇ ગયું હતું અને તારિમી ગુજરાતમાં જ રહી ગયા. પાટણમાં તેમનો મદ્રેસા હતો. તે પોતે ધાર્મિક અને બૌધિક વિજ્ઞાનમાં નિપુણ હતા. ઉપરાંત રસાયણ શાસ્ત્ર થી પણ વાકેફ હતા.તેમને સુફીવાદનો પણ રસ હતો. તેમના મદ્રેસામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આવતા હતા તેમનું મૃત્યુ ઈ.સ.૧૫૩૪માં થયુ હતું અને તેમને પાટણમાં જ દફનાવવામાં આવ્યા હતા.

## સુરતના મદ્રેસા

સુરતમાં ઈ.સ. ૧૬૩૧માં સૈયદ મોહમ્મદ ઐદ્રુસના મઝારની પાસે, હાજી ઝાહેદ બેગએ શેખ જાફર સાદિકના વાલીપણાના સમય દરમિયાન એક મદ્રેસો બંધાવ્યો હતો. જેમાં લાંબા સમય સુધી જ્ઞાન વિજ્ઞાનનું શિક્ષણ અપાતું હતું.આ સિવાય સુરતમાં મર્જાન શામીની મસ્જીદમાં એક મદ્રેસો હતો અને ઈ.સ.૧૭૧૧ માં સુરતના મુત્સદી અમાનત ખાનએ એક ઉચ્ચ કક્ષાનો મદ્રેસો હજરત ખ્વાજા દીવાનની ખાનકાહમાં તૈયાર કર્યો હતો.

## મધ્યકાલીન ગુજરાતના પુસ્તકાલયો

મધ્યકાલીન સમયમાં ગુજરાતના પ્રખ્યાત મદ્રેસાઓ, દરગાહો સાથે એક પુસ્તકાલય જોડાયેલ હતો. જેમકે અમદાવાદમાં- ઉસ્માન પુરાના મદ્રેસા સાથે પુસ્તકાલય હતો, સરખેજમાં

Vol. 05, Issue 02, April - June, 2023
E - ISSN : 2582-046X
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

શેખ અહમદ ખટ્ટુના યાદમાં બનેલ મદ્રેસામાં પણ પુસ્તકાલય હતો ઉપરાંત શેખ અહમદ ખટ્ટુ પાસે પોતાનું આગવું પુસ્તકાલય પણ હતું. સુફી સંત શાહ આલમ પોતે એક ઉમદા વાચકહતા તેમના વાંચનના શોખને લીધે તેમણે પોતે એક મોટું પુસ્તકાલય વસાવ્યું હતું, પીર મહંમદ શાહની દરગાહ સાથે પણ એક પુસ્તકાલય જોડાયેલ હતું.શાહ અજીઉદ્દીનના મદ્રેસા સાથે 'અલ્વી પુસ્તકાલય' હતું, શીઆ વહોરાઓનું સૈફીયા પુસ્તકાલય, સુલયમાનીવહોરાઓ માટે પણ એક પુસ્તકાલય હતું. ઉમરેઠમાં એક પુસ્તકાલય હતું જેના વ્યવસ્થાપક શિયા વહોરાઓના આમિલ હતા.આ પુસ્તકાલયમાં ધાર્મિક, ઐતિહાસિક અને બૌધિક શાસ્ત્રોની કૃતિઓ વધારે હતી. પાટણમાં મૌલાના તારિમીનું, અલ્લામાં મુહમ્મદ બિન તાહિરનું અને ફૈઝએ સફા મદ્રસાના પુસ્તકાલય હતા. સુરતમાં – એદ્રુસખાનદાનનું પુસ્તકાલય, સૈયદ કમરૂદ્દીનનો પુસ્તકાલય, બખ્શુંમિયાંનું પુસ્તકાલય હતો.

## મદ્રેસાઓનો અભ્યાસક્રમ - દર્સે નિઝામિયાં:

૧૮મી સદીનાં પ્રારંભકાળમાં એક મુસ્લિમ વિદ્વાન મુલ્લા નિઝામુદ્દીનએ મદ્રેસાઓમાં શીખવતો અભ્યાસક્રમ નિયત કર્યો હતો, એ અભ્યાસક્રમ ત્યારસુધીમાં શીખવવામાં આવતા અભ્યાસક્રમને આધારે પદ્ધતિસર રજૂ કરવામાં આવ્યો હતો.એ અભ્યાસક્રમ દર્સે નિઝામિયાં નામે જાણીતું છે તેમાં નીચે પ્રમાણેના ૧૧ વિષયો છે.

૧. સફ
૨. નહવ (વ્યાકરણ વગેરે )
3. મન્તિક (તર્ક શાસ્ત્ર )
૪. હિકમત (તત્વજ્ઞાન)
૫.રીયાઝી (ગણિત શાસ્ત્ર)
૬.બલાગત (વકતૃત્વ કળા)
૭.ફીક્હ (ન્યાય શાસ્ત્ર)
૮. ઉસુલે ફીક્હ (ન્યાય શાસ્ત્ર ના સિદ્ધાંતો )
૯.કલામ
૧૦.તફસીર
૧૧. હદીસ

## મદ્રેસાઓનું સંચાલન અને આર્થિક મદદ :

મુસ્લિમ બાળકોનું શિક્ષણ રાજ્ય દ્વારા સંચાલિત થતું હતું.રાજ્ય તરફથી શિક્ષકો નિમાતા હતા.ઔરંગઝેબે ગુજરાતના દીવાનને સુચના આપી હતી કે રાજ્યના સદ્રની સલાહ

E-JOURNAL (HISTORY)
SINCE 2019
E - ISSN : 2582-046X
Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

લઇ શિક્ષકોની નિયુક્તિ કરે.આ શિક્ષકોને રાજ્ય તરફથી દરમાયો અપાતો હતો અને વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પણ અપાતી હતી. જે મુસ્લિમને ઇસ્લામી સંસ્થાઓમાં અપાતા શિક્ષણ ઉપરાંતનું શિક્ષણ મેળવવું હોય તે હિંદુ પાઠશાળામાં પણ જોડાતો હતો.ત્યાં એને ખગોળ, ગણિત અને આયુર્વેદનું શિક્ષણ અપાતું હતું.મુસ્લિમ મદ્રેસાઓમાં ૧૦ થી ૧૨ વર્ષ શિક્ષણ અપાતું, ત્યાર પછી કોઈ નામી વિદ્વાન પાસે કેટલાક વર્ષો સુધી શીખનારને ડોકટરેટ જેવી ઉંચી ઉપાધિ મળતી.એનાથી પણ વધુ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે મક્કા, મદીના, બસરા, યમન, દમાસ્કસ, કેરો, બગદાદ કે ખોરાસાન જવું પડતું.છોકરીઓ માટે કોઈ અલગથી શાળાઓ ન હતી.નાની ઉંમરની બાલિકાઓ છોકરાઓ સાથે મખ્તબોમાં ભણતી હતી.ત્યાં તેઓને ખાસ કરીને કુરાને શરીફ શીખવવામાં આવતું હતું. શ્રીમંત વર્ગ પોતાની દીકરીઓના શિક્ષણ માટે ખાનગી શિક્ષકો રાખતા હતા. સુલતાનો અને બાદશાહો શિક્ષણ માટે દાન આપતા હતા તેવા ઉદાહરણો પણ છે, જેમાં અહમદશાહ સિવાય બીજો ગુજરાતી સુલતાન હતો મહમૂદ ત્રીજો કે જેણે શિક્ષણ માટે અનેક દાન કર્યા હતા,તેણે ખંભાત પાસેના કેટલાક ગામોની આવક મદ્રેસાના નિભાવ માટે નિયત કરી હતી.મુઘલોના સમયમાં પણ શિક્ષણ માટે દાન અપાતું હતું.જહાંગીર એ બિનવારસી મિલકત મદ્રેસા બાંધવા અને તેના સમારકામ કરાવવા માટે વાપરવાનું ફરમાન કર્યું હતું. ગુજરાતના વાયસરોય એવા શેખ ફરીદ કે જે મુર્તુઝાખાનની ઉપાધિ ધરાવતા હતા તે પણ ઘણા ઉદાર હાથે દાન આપતા હતા. તે જહાંગીરનાં દરબારી હતા.તેમણે પોતાના ઘરકામ કરનાર કર્મચારીઓના બાળકોનાં શિક્ષણ માટે શિક્ષકો નીમ્યા હતા અને તે પોતે તે શિક્ષકોને પગાર આપતો હતો. "ગુજરાતના દીવાન મહરમતખાનનાં હુકમથી પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ મેળવતા દરેક વિદ્યાર્થીને શિક્ષકની ભલામણ પ્રમાણે સદરની પરવાનગીથી આર્થિક મદદ આપવામાં આવતી હતી. ઈ.સ.૧૯૬૭મા અક્રમુદ્દીનખાને અમદાવાદમાં ૧,૨૪,000 રૂપિયા ના ખર્ચે મદ્રેસાની સ્થાપના કરી હતી. ઔરંગઝેબએ આ મદ્રેસાના નિભાવ માટે કડી અને અમદાવાદના બે ગામ આપ્યા હતા."

E - ISSN : 2582-046X
Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

## ઉપસંહાર:

આમ કહી શકાય કે મધ્યકાલીન ગુજરાતમાં મુસ્લિમોના શિક્ષણ માટે મખ્તબ અને મદ્રેસાઓ રૂપે  સંસ્થાઓ કાર્યરત હતી, જ્ઞાનમાં વધારો કરવા પુસ્તકાલયો હતા તેમજ જ્ઞાન મેળવવામાં આર્થિક મુશ્કેલી ના આવે તે માટે વિદ્વાનોને ઇનામ દ્વારા ઉત્તેજન આપવામાં આવતું જયારે યોગ્ય વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપવામાં આવતી હતી.

સંદર્ભ સૂચી:

1. Mansooruddin Qurgishi, Muslim Education and Learning in Gujarat (1297-1758), The Maharaja Sayajirao University, Baroda, 1972
2. Ziyaud- Desai, Centers of Islamic Learning in India, The Director Publications divisions, Ministry of Information and broad casting, Govt.of India, New Delhi, 1978
3. કરીમ મહંમદ માસ્ટર, મહાગુજરાતના મુસલમાન ભાગ-૧-૨, પ્રાચ્ય વિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલય, વડોદરા, ૧૯૬૯
4. મહેબૂબ દેસાઈ, મુસ્લિમ મહા-આત્માઓ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૦
5. મહેબૂબ હુસેન અબ્બાસી (અનુ.) ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ સલ્તનત અને મોગલકાળ, એન.બી.એસ.બુક ડીપો, અમદાવાદ, ૨૦૦૯
6. મહેબુબ હુસેન અબ્બાસી, ઈસ્લામનો ઉદય અને વિકસ, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ, ૧૯૮૧
7. ઈસ્માઈલભાઈ નાગોરી, ઈસ્લામ દર્શન, સરદાર પટેલ, યુનિવર્સિટી પ્રેસ, વલ્લભ વિદ્યાનગર, ૧૯૭૬
8. બુરહાના મલેક, ગુજરાતના મુસ્લિમ સમાજમાં શિક્ષણનો ઉદ્ભવ અને વિકાસ ઈ.સ.૧૮૮૪ થી ૧૯૭૦, પીએચડી મહાશોધનિબંધ ,ઈતિહાસ વિભાગ , ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ. ૨૦૨૨